ગુજરાતમિત્ર

# બારડોલી-વ્યારા-ભરૂચ

૪ | શનિવાર ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ | કામરેજ | પલસાણા | ઓલપાડ | સાયણ | કીમ-કોસંબા | કડોદ | માંડવી | મહુવા | વાલોડ | સોનગઢ | ઉકાઇ | અંકલેશ્વર | હાંસોટ

**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૪.૦° સે. | ૧૫.૦° સે. |
| બારડોલી | ૩૪.૦° સે. | ૧૩.૦° સે. |
| ભરૂચ | ૩૪.૦° સે. | ૧૫.૦° સે. |
| વ્યારા | ૩૪.૦° સે. | ૧૩.૦° સે. |

# ઓલપાડમાં પત્રકારત્વની આડમાં વેપારીને ખંખેરનારા બે ઝડપાયા

**પોલીસે** મોરાભાગળના સુભાષ પટેલ અને ભટલાઈના યજ્ઞેશ પટેલને ઝડપી પાડ્યા

**ગુજરાત અસ્મિતાનો** પત્રકાર સચિન પટેલ વોન્ટેડ, વેપારી પાસે 10 હજારની ખંડણી માંગી હતી



સુરતઃ ઓલપાડ વિસ્તારમાં એક પ્રતિષ્ઠિત વેપારીને રિપોર્ટર હોવાનો દમ મારી હત્યા ની ધમકી આપી ખંડણી માંગતાં પોલીસે ત્વરિત કાર્યવાહી કરી નોકરિયાત અને પત્રકાર મળી 2 આરોપીને તેના ગામેથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

ઓલપાડમાં રહેતા વેપારીને છેલ્લા કેટલાક દિવસોથી અજાણ્યા નંબર પરથી ધમકીભર્યા ફોન અને મેસેજ આવી રહ્યા હતા. આરોપીઓએ વેપારી પાસે પત્રકાર હોવાનો દમ મારી 10 હજાર રૂપિયાની માંગણી કરી હતી અને જો આ રકમ ન આપવામાં આવે તો તેમને અને તેમના પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બાબતે વેપારીએ ગભરાયા વગર ઓલપાડ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકની સૂચનાથી ઓલપાડ પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપીઓ વેપારી પર સતત નજર રાખી રહ્યા હતા. પોલીસે બાતમીના આધારે તેના ગામે છટકું ગોઠવીને આ ગુનામાં સંડોવાયેલા 2 આરોપીની ધરપકડ કરી છે.

પોલીસે વેપારી પાસે ખંડણી માંગનારાં તત્ત્વોને ગણતરીના કલાકોમાં જ જેલભેગા કરી દેતાં સ્થાનિક રહીશો અને વેપારી આલમમાં પોલીસ પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. ઓલપાડ પોલીસની આ કામગીરીને બિરદાવવામાં આવી રહી છે. હાલમાં પોલીસ આ પ્રકરણમાં અન્ય કોઈ શખ્સોની સંડોવણી છે કે કેમ તે દિશામાં વધુ તપાસ ચલાવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વેપારીની ફરિયાદ મુજબ આરોપીઓએ ગુનાહિત કાવતરું રચી ફરિયાદીના વિડીયો વાયરલ કરવાની અને ગળા ઉપર રેમ્બો છરો મૂકી મારી નાંખવાની ધમકી આપી દસ હજાર કઢાવી લીધા હતા. આ બાબતે ઓલપાડ પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો. આ ઉપરાંત વોન્ટેડ આરોપી સચિન પટેલ વિરુદ્ધ અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ખંડણી અને અડાજણ પોલીસ સ્ટેશનમાં પોલીસને ઉડાવી દેવાની ધમકી આપવા બાબતે ફરિયાદ નોંધાઈ ચૂકી છે.

### ઝડપાયેલા આરોપી

1.સુભાષભાઈ પરભુભાઈ પટેલ (ઉં.વ.63) (ધંધો-નોકરી) (રહે., મકાન નં. 101, મોરા ભાગળ, જય અંબે રેસ્ટોરન્ટની બાજુમાં, મોરા ભાગળ, સુરત)

2.યજ્ઞેશભાઈ રાજેશભાઈ પટેલ (ઉં.વ.34) (ધંધો-પત્રકારત્વ) (રહે., ઘર નં.109, પટેલ ફળિયું, ભટલાઈ, ચોર્યાસી, જિ.સુરત)

### વોન્ટેડ આરોપી

સચિનભાઈ હર્ષવર્ધનભાઈ પટેલ (ગુજરાત અસ્મિતા-પત્રકાર) (રહે., મોરાભાગળ, સુરત)

## માંગરોળના વડ ગામે બાઈક અડફેટે વૃદ્ધનું મોત

વાંકલઃ માંગરોળ તાલુકાના વડ ગામે ગત ૧૪ જાન્યુઆરીના રોજ રાઈસ મિલ પાસે રોડની બાજુમાં ઊભેલા ૭૦ વર્ષીય વૃદ્ધ રમણભાઈ ઉક્કડભાઈ વસાવાને પૂરઝડપે આવતી મોટરસાઈકલ (GJ-19-BF-5049)ના ચાલક હર્ષીલકુમાર અર્જુનભાઈ ચૌધરી(રહે.,વડ ગામ,માંગરોળ)એ અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં રમણભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સુરતની સિવિલ હોસ્પિટલના ICU વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ગત રોજ તેમનું મોત નીપજ્યું છે. અકસ્માત સર્જનાર ચાલક અને તેની પાછળ બેસેલા બે મિત્ર મયૂર વસાવા અને મિહિર વસાવાને પણ સામાન્ય ઈજાઓ થઈ હતી. મૃતકના ભત્રીજા બીપીનભાઈ વસાવાએ હર્ષીલકુમાર વિરુદ્ધ ગફલતભરી રીતે વાહન ચલાવી મોત નીપજાવવા અંગે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# યુપીમાં બેઠા બેઠા સલમાન ખાને માંડવીના ડોક્ટરના 3 લાખ ખંખેર્યા !

**સાયબર ફ્રોડ**: ફોન હેક કરી OTP ચોર્યા અને ક્રેડિટ કાર્ડ-બેંક ખાતામાંથી કરી લૂંટ

માંડવીઃ માંડવી શહેરમાં છેલ્લાં 27 વર્ષથી પ્રેક્ટિસ કરતા જાણીતા ડોક્ટર સાથે સાઇબર છેતરપિંડીનો ગંભીર બનાવ સામે આવ્યો છે. અજાણ્યા શખ્સોએ મોબાઇલ ફોન હેક કરી OTP મેળવી બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડ મારફતે કુલ રૂ.2.99 લાખની રકમ ઉપાડી લીધી હોવાનું જાણવા મળ્યું છે. માંડવીમાં રહેતા ડો.શશીકાંતભાઈ શિવાજીભાઈ ઉદેસિંગભાઈ ચૌધરી (ઉં.વ.57) માંડવી મેઇન બજારમાં આવેલા અમીન કોમ્પ્લેક્સમાં “વૈશા” નામની ક્લિનિક છેલ્લાં 27 વર્ષથી ચલાવી રહ્યા છે. જેમને માંડવી ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના મેનેજર સીકેશ છગનભાઈ ચૌધરી દ્વારા ફોન કરવામાં આવ્યો હતો કે તેમની પાસબુક આવી ગઈ છે, પરંતુ ફોન ન લાગતો હોવાથી બેંકમાં આવી લેવા જણાવાયું હતું. ત્યારબાદ ડો. ચૌધરી બેંકે ગયા હતા, જ્યાં તપાસ દરમિયાન જાણવા મળ્યું કે તેમનો મોબાઇલ ફોન હેક થયો છે અને તેમાં આવતા OTP અન્ય કોઈ વ્યક્તિને ફોરવર્ડ થઈ રહ્યા છે.

આ દરમિયાન જાણવા મળ્યું કે, તેમના HDFC બેંક ખાતામાંથી રૂ.2 લાખ ઉપડી ગયા છે. આ રકમ તા.18/11/2025ના રોજ સવારે 11:27 વાગ્યે યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, ધનુપુરા બ્રાંચ (ઉત્તર પ્રદેશ) ખાતે આવેલા એકાઉન્ટ નં.188912010003238માં ટ્રાન્સફર કરવામાં આવી હતી, જે આરોપી સલમાન ખાનના નામે હોવાનું બહાર આવ્યું છે.

આ ઉપરાંત ડો.ચૌધરીના બેંક ઓફ બરોડાના ક્રેડિટ કાર્ડ મારફતે પણ બિનઅધિકૃત ટ્રાન્ઝેક્શન્સ થયાનું સ્ટેટમેન્ટમાં સામે આવ્યું છે. તા.17 અને 18 નવેમ્બર-2025 દરમિયાન દિલ્હી અને ગુરગાંવ સ્થિત વિવિધ મર્ચન્ટ્સના નામે તેમજ એમેઝોન પે ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ મારફતે કુલ રૂ.99 હજાર જેટલી રકમ ઉપાડી લેવાઈ છે.


આ રીતે આરોપી સલમાન ખાન તથા અન્ય અજાણ્યા શખ્સોએ મોબાઇલ ફોન હેક કરી OTP મેળવી બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડનો દુરુપયોગ કરી કુલ રૂ.2.99 લાખની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે.

ઘટનાની જાણ થતાં ડો.ચૌધરીએ તરત જ સાઇબર હેલ્પલાઇન નંબર 1930 પર ફરિયાદ નોંધાવી હતી તેમજ સંબંધિત બેંકોમાં પણ જાણ કરી છે. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# સત્તાધીશોના આંતરિક ડખામાં વાલોડ ગ્રામ પંચાયતનું દેવાળું

**કચેરી** લાવારિસ, શૌચાલયોને તાળાં, વેરા વસૂલાત માત્ર ૨૧ ટકા

**પંચાયત** પાસે ભંડોળ નથી અને વહીવટમાં કોઈને રસ નથી



વાલોડઃ વાલોડ ગ્રામ પંચાયત કુશળ વહીવટના આભાવે અનેક વિવાદોમાં સપડાઈ રહી છે. એકતરફ સરપંચ તેમજ તલાટી અને ચુંટાયેલા સભ્યો વચ્ચે સંકલનના આભાવે જાણે વિકાસ કામોને બ્રેક લાગી ગઈ છે, એટલું જ નહીં અંદરોઅંદરના જૂઠવાદના પગલે ગ્રામજનોએ હાલાકી ભોગવવાની નોબત ઊભી થઇ છે. કચરો એકત્ર કરતી એજન્સીને પણ પેમેન્ટ ન ચૂકવવામાં આવતા તેઓ કામથી અડગા રહ્યા છે. તો બીજી તરફ પંચાયતમા એકપણ કર્મચારી કે અધિકારી હાજર જોવા ન મળતાં ભારે ચકચાર મચી ગઈ છે. જો પંચાયતમાંથી કોઈ દસ્તાવેજી પુરાવા તેમજ જરૂરી ડોક્યુમેન્ટ ગુમ થાય તો જવાબદાર કોણ? એટલું જ નહીં પંચાયતમાં આવેલા શૌચાલયને છેલ્લા કેટલાક મહિનાથી ખંભાતી તાળાં મારી દેવામાં આવ્યાં છે. તેમજ પંચાયતની પાછળ આવેલા દાદર નજીક પણ ઝાડીઝાંખરાનું સામ્રાજ્ય જોવા મળે છે. પંચાયતના વહીવટકર્તાઓ જણાવી રહ્યા છે કે અમારી પાસે ભંડોળ નથી. તો બીજી તરફ તલાટી અને સભ્યો વચ્ચે સંકલન ન હોય, જેથી માત્ર 21 ટકા વેરા વસૂલાતની કામગીરી થઇ છે. હજુ કરોડોની વેરા વસૂલાત બાકી હોય છતાં જે વસૂલવામાં કોઈને રસ નથી જેથી આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

### વેરો આવતાં બધું બરાબર થઈ જશે: વિજયાબેન

આ અંગે ગ્રામ પંચાયતનાં સરપંચ વિજયાબેનને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે, મેં જ્યારથી ચાર્જ સંભાળ્યો હતો ત્યારથી જ પંચાયત પાસે ભંડોળ ન હતું અને હજુ 80 ટકા વેરા વસૂલાતની કામગીરી બાકી છે. વેરા બાબતે અનેકવાર રિક્ષાઓ પણ ફેરવવામાં આવી છે અને ગ્રામજનોનો રૂબરૂ પણ સંપર્ક કરવાની કામગીરી ચાલુ જ છે. ગ્રામજનોનો વેરો આવશે એટલે બધું બરાબર થઇ જશે. પછી કોઈ સમસ્યા રહેશે નહીં.

# બારડોલીમાં રૂ.75 લાખનું સફાઈ મશીન પોતે જ ‘સફાઈ’ માંગે છે!

**બે મહિનાથી** મશીન બંધ હાલતમાં, અધિકારીઓની બેદરકારીથી પ્રજા પરેશાન



બારડોલીઃ બારડોલી નગરપાલિકાએ નગરના રસ્તાઓને સ્વચ્છ રાખવા માટે આશરે 75 લાખ રૂપિયાના ખર્ચે અદ્યતન રોડ સફાઈ મશીન ખરીદ્યું હતું. પરંતુ આ મશીન હવે નગરપાલિકા પરિસરમાં બે મહિનાથી ધૂળ ખાઈ રહ્યું છે, જેના કારણે નગરના અનેક મુખ્ય રસ્તાઓ ધૂળિયા બની ગયા છે અને નાગરિકોને ભારે તકલીફ પડી રહી છે.

મળતી માહિતી અનુસાર મશીનને પહેલી વખત ચાલુ કરવામાં આવ્યું ત્યારે તે બંધ જ ન થયું અને આખો દિવસ ચાલુ રહ્યું હતું. બીજા દિવસે કંપનીના ટેકનિશિયન આવ્યા બાદ તેને બંધ કરી શકાયું હતું. જો કે, બીજી વખત ચાલુ કરવાના પ્રયાસમાં મશીન ચાલુ થઈ શક્યું ન હતું. ત્યારબાદ તેને ઠીક કરવાના કોઈ ગંભીર પ્રયાસો થયા નથી અને તે હવે બે મહિનાથી નિષ્ક્રિય પડ્યું છે. આ ઘટનાએ નાગરિકોમાં ભારે રોષ ઊભો કર્યો છે. આટલું મોટું અને મોંઘું મશીન ખરીદી કર્યા બાદ કંપનીને જાણ કરવાની જગ્યાએ બે મહિના સુધી એક જ જગ્યાએ મૂકી રાખી પ્રજાના પૈસાનો રીતસરનો વેડફાટ કરવામાં આવી રહ્યો છે. લોકોનું કહેવું છે કે, શું શાસકો કે અધિકારીઓએ પોતાના ઘરે કોઈ કાર કે વાહન ખરીદ્યું હોય અને આવી રીતે ખોટકાઈ તો શું તેને ઘરના આંગણામાં મૂકી રાખશે કે કંપનીને જાણ કરશે? શાસકો અને અધિકારીઓની બેદરકારી સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંગરોળના માંડણ ગામે દીપડાનો હુમલો, બે પશુનાં મોત



વિનોદ મૈસુરીયા

વાંકલઃ માંગરોળ તાલુકામાં દીપડા દેખાવા-હુમલાના બનાવો સામાન્ય બની ગયા છે. માંગરોળના માંડણના મહાદેવ ફળિયામાં રહેતા પશુપાલક રોહિતભાઈ અંબુભાઈની ભેંસ પર હુમલો કરતાં કાલે સાંજે મોત નીપજ્યું હતું. જ્યારે રંગાભાઈ મોતિયાભાઈના કોઢારમાં બાંધેલી બે બકરી પર હુમલો કર્યો હતો. તેમાં એક બકરીનું મોત નીપજ્યું હતું. આ દીપડો ઘર નજીક દેખાતાં લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વન વિભાગ પાંજરું ગોઠવે એવી માંગ ગ્રામજનો કરી રહ્યા છે. આ ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### પલસાણાના વાંકાનેડાથી 60 વર્ષીય વૃદ્ધ ગુમ

પલસાણાઃ પલસાણાના વાંકાનેડા ગામેથી એક 60 વર્ષીય વૃદ્ધ ગુમ થયા હોવાની ઘટના સામે આવી છે. મૂળ મહારાષ્ટ્રના જલગાંવના ધરણગાંવના કલ્યાણે-ખુર્દ ગામના વતની અને હાલ વાંકાનેડા ખાતે જગન શીરશાટના મકાનમાં ભાડે રહેતા બાપુ ત્ર્યંબક પાટીલ ગત તા.7/1/2026ના રોજ વહેલી સવારે પાંચેક વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા હતા. પરિવારજનોએ કોઈ પત્તો ન લાગતાં આખરે તેમની પત્ની કોકીલાબેન પાટીલે કડોદરા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

### સાયણની કંપનીમાંથી રૂ.૨૦ હજારનો મુદ્દામાલ ચોરી

સાયણઃ સાયણ ગામની સીમમાં ‘નમો ફેબ્રિકા’ નામની કંપનીમાંથી ગત બુધવાર,તા.૧૪ની મધરાત બાદ ચોર કંપનીના પહેલા માળે ઘૂસ્યો હતો. આ કંપનીના પડેલો સામાન વેરવિખેર કરી ટેબલના ખાનામાં મજૂરોને ચૂકવવા મૂકેલા રોકડ રકમ રૂ.૧૦,૪૦૦ તથા કાર્ડ મશીનમાં લગાવેલું રૂ.૧૦,૦૦૦ની કિંમતનું ફિડર કાર્ડ મળી કુલ રૂ. ૨૦,૪૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બાબતે કંપનીના કંપનીના સિક્યુરિટી ગાર્ડે મેનેજરને જાણ કરતાં વિવેક રામજીભાઈ જાસોલીયાએ ઓલપાડ પોલીસ મથકમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કોસંબા હાઇવે પર અકસ્માતમાં ઘાયલ યુવાનનું મોત

હથોડાઃ કોસંબા પોલીસ મથક હદ વિસ્તારના ધામડોદ નજીક હાઇવે પરથી પસાર થતી જીજે ઝીરોસાત ટીયુ 6708 નંબરની વોલ્વો બસના ચાલકે બેદરકારી દાખવી જીજે 16 સીએફ 9185 નંબરની મોટરસાઇકલને અડફેટે લેતાં ગંભીર રીતે ઘવાયેલા મોટરસાઇકલના ચાલક સ્વપ્નિલ જયેશકુમાર પટેલ (ઉં.વ.26)ને ગંભીર ઈજા થતાં અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડતાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ બનાવ અંગે કોસંબા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### બારડોલીમાં દોરીમાં ફસાયેલા કાગડાને ફાયર બ્રિગેડની ટીમે બચાવ્યો



બારડોલીઃ શહેરના માહ્યાવંશી મહોલ્લામાં એક ઊંચા વૃક્ષ પર પતંગની દોરીમાં એક કાગડો ખરાબ રીતે ફસાઈ ગયો હતો. કાગડો છૂટવા માટે તરફડિયાં મારી રહ્યો હતો, ત્યારે એક જાગૃત નાગરિકે તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા જોઈ ફાયરના જવાનો તુરંત સ્થળ પર પહોંચ્યા હતા અને ભારે જહેમત બાદ સીડીની મદદથી પક્ષીને સુરક્ષિત નીચે ઉતાર્યું હતું. જવાનોએ સાવચેતીપૂર્વક દોરી કાપી કાગડાને મુક્ત કરી નવજીવન આપ્યું હતું. સ્થાનિકોએ ફાયર વિભાગની આ ત્વરિત કામગીરી અને જીવદયાની ભાવનાને બિરદાવી હતી.

### નવાગામ ઉદ્યોગનગર બ્રિજ ઉપર ચાર વાહન અથડાયાં



કામરેજઃ નવાગામ ઉદ્યોગનગર બ્રિજની ઉપર શુક્રવારે બપોરે આશરે 2 કલાકે મારુતિ વેગનઆર નં.(જીજે 05 સીએન 7998)ના ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળ અન્ય ત્રણ વાહન હુન્ડાઈ ઓરા નં.(જીજે જીજે 33 એફ 9455), મહિન્દ્રા પિકઅપ નં.(જીજે એક્સ 0846) અને ટ્રક નં.(જીજે 12 બીઝેડ 7564) એકબીજા સાથે અથડાયાં હતાં. જો કે, આ ઘટનામાં કોઈને પણ જાનહાનિ થઈ ન હતી. વાહનોમાં નુકસાન થયું હતું. હળવો ટ્રાફિક થતાં પોલીસે તમામ વાહનોને રોડની સાઈડમાં મુકાવી ટ્રાફિક ખુલ્લો કર્યો હતો.

# સાઉદી જવાના સપના પર ‘સાયબર સ્ટ્રાઈક’: યુવકે 12 હજાર ગુમાવ્યા

**પલસાણામાં** વિઝા અપાવવાના નામે છેતરપિંડીનો ખેલ

પલસાણાઃ સુરત ગ્રામ્યના પલસાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાયબર ફ્રોડનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સાઉદી અરેબિયાના વિઝા કરાવી આપવાના બહાને એક અજાણ્યા શખ્સે યુવક પાસેથી 12,500 પડાવી લઈ વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

કારેલી ગામની ક્રિષ્ના વિલા સોસાયટીમાં રહેતા અને મશીન ઓપરેટર તરીકે નોકરી કરતા મોહમદ દિલસાદ હુસેન નામના યુવકે આ અંગે ફરિયાદ નોંધાવી છે. ગત 4 ડિસેમ્બર 2025ના રોજ, ફરિયાદીને તેમના બનેવી દ્વારા મળેલા એક મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર અજાણ્યા શખ્સે પોતાને વિઝા એજન્ટ તરીકે ઓળખાવી યુવકને સાઉદી અરેબિયા મોકલવા માટે વિઝા એગ્રીમેન્ટના નામે પૈસાની માંગણી કરી હતી. વિશ્વાસમાં આવીને યુવકે તે જ દિવસે સાંજે ફોન-પે મારફતે 12,500 ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા.

પૈસા મેળવ્યા બાદ સામેવાળી વ્યક્તિએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું અને સંપર્ક કાપી નાંખ્યો હતો. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા યુવકે સૌપ્રથમ સાયબર ક્રાઈમ પોર્ટલ પર ઓનલાઈન ફરિયાદ કરી હતી. ત્યારબાદ 15 જાન્યુઆરી 2026ના રોજ પલસાણા પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા મોબાઈલ ધારક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

# ચકવાણ, કાળાઘાટ, આશ્રાવા નવી ગ્રા.પં.: દરખાસ્ત મોકલાઈ

**તાપી** જિલ્લા પંચાયતની સામાન્ય સભા યોજાઈ

વ્યારાઃ તાપી જિલ્લા પંચાયત પ્રમુખ જાલમસિંગ વસાવાના અધ્યક્ષ સ્થાને ગતરોજ વ્યારા સેવા સદન કચેરીના જિલ્લા પંચાયત કોન્ફરન્સ હોલમાં જિલ્લા પંચાયતની સામાન્ય સભા યોજાઈ હતી, જેમાં જિલ્લામાં વિકાસને લઈને જરૂરી મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તેમજ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. તેમજ નિર્ણયો તેમજ વિવિધ કામગીરી પર ચર્ચાઓ કરવામાં આવી હતી.

સામાન્ય સભા દરમિયાન જિલ્લામાં તલાટી કમ મંત્રીનાં કામોમાં ભારણને ઓછું કરવા તેમજ વહીવટી સરળતા માટે તલાટીઓના મોટા સેજાને નાના સેજામાં વિભાજીત કરવા અંગે ચર્ચા કરી અંતરિયાળ વિસ્તારમાં બોરદા જૂથ ગ્રામ પંચાયતમાં તલાટીના નવા સેજા વિભાજીત કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત જિલ્લાના છેવાડાના નિઝર તાલુકામાં ICDS ઘટકનું વિભાજન કરી નવું કૂકરમુંડા ઘટકને મંજૂર કરવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. તેમજ સોનગઢ તાલુકામાંથી વિભાજન બાદ નવનિર્મિત ઉકાઈ તાલુકા માટે ICDS કચેરી હસ્તક નવા સેજાને મંજૂર કરવા અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ ઉપરાંત જિલ્લામાં સોનગઢ તાલુકાની આમલગુંડી ગ્રામ પંચાયતમાંથી નવી ચકવાણ અને મોઘવાણ ગ્રામ પંચાયતમાંથી નવી કાળાઘાટ ગ્રામ પંચાયત, જ્યારે કૂકરમુંડા તાલુકામાં મટાવલ ગ્રામ પંચાયતમાંથી નવી આશ્રાવા ગ્રામ પંચાયતની દરખાસ્તને મંજૂરી અર્થે સરકારમાં મોકલવા માટે સામાન્ય સભામાં ભલામણ કરવામાં આવી હતી. તેમજ જિલ્લામાં વિકાસલક્ષી કામો જેવાં કે ખેત ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ અને જાહેર બાંધકામ સમિતિ બેઠકોનો કાર્યવાહીની નોંધને સામાન્ય સભામાં બહાલી આપવામાં આવી હતી. આ ઉપરાંત રેતી કંકર યોજના હેઠળના 2022-23 અને 2024-25ના મંજૂર થયેલાં કામોમાં વહીવટી કારણોસર ફેરફાર કરવા માટે નિર્ણય લેવાયો હતો. સામાન્ય સભામાં જિલ્લા વિકાસ અધિકારી રામ નિવાસ બુગાલિયા સહિત જિલ્લા પંચાયતનાં હોદ્દેદારો તેમજ સંબંધિત શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સિંગોદ ગામની સીમમાં આધેડનો ફાંસો ખાઈ આપઘાત

બારડોલીઃ બારડોલીના સિંગોદ ગામની સીમમાં એક પ્રૌઢે અગમ્ય કારણોસર આંબાના ઝાડ સાથે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ મામલે બારડોલી રૂરલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. મઢી ગામના કાંટી ફળિયામાં રહેતા ૫૦ વર્ષીય અજયભાઈ કનૈયાલાલ ચૌધરીએ ગત ૧૫ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ સાંજના આશરે સાડા ચારથી પાંચ વાગ્યાના સમયગાળા દરમિયાન આપઘાત કરી લીધો હતો. અજયભાઈએ કડોદ-મઢી રોડ પર સિંગોદ ગામની સીમમાં આવેલા જીતુભાઈ નગીનભાઈ પટેલના ખેતરના શેઢે એક આંબાના ઝાડની ડાળી સાથે ઓઢણી બાંધી ફાંસો ખાધો હતો. આ ઘટના અંગે મૃતકની પત્ની નૂતનબેન ચૌધરીએ પોલીસને જાણ કરી હતી. બારડોલી રૂરલ પોલીસ મથકે આ અંગે અ.મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે.

# વ્યારામાં તાલુકા શાળાની હોસ્ટેલના મકાનમાં આગ

**વ્યારા** ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો

**વિદ્યાર્થીઓનાં** ગાદલાં, ગોદડાં આગની ચપેટમાં આવ્યાં

વ્યારાઃ વ્યારા ખાતે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તક ચાલતી તાલુકા શાળાની હોસ્ટેલના મકાનમાં ગતરોજ સમી સાંજે અચાનક શોર્ટ સર્કિટને કારણે આગ ફાટી નીકળતાં અફરાતફરી મચી હતી. જો કે, ઘટનાની જાણ વ્યારા ફાયર વિભાગને થતાં ફાયરની તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગને ગણતરીના સમયમાં કાબૂમાં લઈ લીધી હતી. આગની ઘટનામાં હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને કોઈ જાનહાનિ થઈ ન હતી. જો કે, વિદ્યાર્થીઓનાં ગાદલાં, ગોદડાં, કપડાં સહિતની વસ્તુઓ આગની લપેટમાં આવી હતી.

## મોતામાં માનસિક બીમારીથી પીડિત યુવકનો આપઘાત

બારડોલીઃ બારડોલીના મોતા ગામની અયોધ્યા રેસિડેન્સીમાં રહેતા યુવકે ફાંસો ખાઈ લીધો હતો. મૂળ ઓડિસાના કેન્દ્રાપાડા જિલ્લાના અલાયડુ ગામના અને હાલ બારડોલીના મોતા ગામે રહેતા પ્રભાત બ્રિજકિશોર દાસ (ઉં.વ.35) માનસિક બીમાર હોવાથી 14મીની રાત્રેથી 15મીની સવાર દરમિયાન પોતાના ઘરે લોખંડની જાળીના સળિયા સાથે ગમછો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પોલીસે આ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પાન-માવાની પડીકીમાં ‘નશો’ પીરસતો રાજકુમાર જેલભેગો

**પીપોદરા** જીઆઈડીસીમાં પાન-માવાની દુકાનમાંથી એક કિલો ગાંજાનો જથ્થો ઝડપાયો

**કતારગામના** સાગર ઉડિયા પાસેથી લાવી પડીકી બનાવી વેચતો હતો

હથોડાઃ કોસંબા પોલીસેબાતમીના આધારે પીપોદરા GIDC વિસ્તારમાં આવેલી એક પાન-માવાની દુકાનમાં દરોડો પાડી ગેરકાયદે વેચાતા ગાંજાના જથ્થા સાથે દુકાનદારની અટકાયત કરી છે.

કોસંબા પોલીસ મથકના ડી-સ્ટાફના કર્મચારી વિપુલભાઈ નાનજીભાઈ અને જયદેવસિંહ મુળુભાઈને બાતમી મળી હતી કે, પીપોદરા GIDCમાં ‘રાધે સિલ્વર’ ખાતે પાન-માવાની દુકાન ચલાવતો રાજકુમાર ભીખમ શાહ (રહે.,રઘુનાથ સોસાયટી, કીમ, ઓલપાડ; મૂળ બિહાર) પોતાની દુકાનમાં ગાંજાની પડીકીઓ બનાવી વેચી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર તપાસ હાથ ધરતાં દુકાનમાંથી ૧ કિલો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી ગાંજો, મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ 9,990નો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, આરોપી રાજકુમાર આ ગાંજાનો જથ્થો સુરતના કતારગામ વિસ્તારના સાગર ઉડિયા નામના શખ્સ પાસેથી લાવી પડીકીઓ બનાવી વેચતો હતો. પોલીસે દુકાનદારની ધરપકડ કરી છે, જ્યારે માલ સપ્લાય કરનાર સાગર ઉડિયાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.